# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૬ | ૨૦૨૨ : ફેબ્રુઆરી
અંક : ૦૨ | માસિક : રૂ. ૫/-



: તંત્રી :

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | કૃણાલ જે. દેસાઈ | અમદાવાદ | ૪૭૭૧ |
| ૨. | ભાવિક ઠાકર | સુરત | ૪૭૭૨ |
| ૩. | દુષ્યંત અનિલકુમાર ભટ્ટ | ઉમરેઠ | ૪૭૭૩ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. દિનેશચંદ્ર માણેકલાલ શુકલ તથા<br>સ્વ. લીલાબેન દિનેશચંદ્ર શુક્લની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ | આણંદ | રૂ. ૩૧૦૨/– |
| ૨. | સ્વ. મનહરલાલ મગનલાલ શુક્લની સ્મૃતિમાં<br>હસ્તે – સરલાબેન મનહરલાલ શુકલ | નડિયાદ | રૂ. ૧૧૦૦૦/– |
| ૩. | સ્વ. રતિલાલ સોમેશ્વર પંડ્યા તથા<br>સ્વ. હસુમતિબેન પંડ્યાની સ્મૃતિમાં<br>હસ્તે – કિરણકુમાર રતિલાલ પંડ્યા | ગાંધીનગર | રૂ. ૩૧૦૨/– |
| ૪. | સ્વ. વિદ્યાબેન શશીકાન્તભાઈ પંડ્યા<br>હસ્તે – કિરણકુમાર રતિલાલ પંડ્યા | સુરત | રૂ. ૧૫૫૧/– |

## જ્ઞાતિ ગૌરવ

ઉમરેઠના ડૉ. ભાસ્કર દવે અને ડૉ. દામિનીબેન દવેની પુત્રી પાયલ દવેએ તાજેતરમાં ડોર ટુ હેપીનેસ પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક એમઝોન વેબસાઈટ પર ખાસ્સુ લોકપ્રિય બન્યું હતું. અને બેસ્ટ સેલર વિભાગમાં પણ જગ્યા પ્રાપ્ત કરી હતી.

જેને પગલે ચેમ્બર ઓફ બિઝનેસ ઈન્ડસ્ટ્રીઝ મુંબઈ દ્વારા 'ઈન્ડિયન ઓથર એવોર્ડ–૨૦૨૧' માટે પાયલ દવેને નોમીનેટ કરવામાં આવ્યા છે. જે સમગ્ર બ્રહ્મ સમાજ તેમજ ઉમરેઠ માટે ગૌરવની વાત છે. આ ઉપલબ્ધી અંગે પાયલ દવેએ જણાવ્યું હતું કે ઈન્ડિયન બેસ્ટ ઓથર ૨૦૨૧માં માત્ર દશ બુક નોમીનેટ થાય છે.

જેમાં તેમની 'ડોર ટુ હેપીનેસ' પુસ્તકને સ્થાન મળ્યું તેનો ખૂબ આનંદ છે ઉલ્લેખનીય છે કે પાયલ દવે યોગ અને મેડિટેશન ક્ષેત્રે પણ વિશેષજ્ઞ છે અને સોશિયલ મીડિયાના માધ્યમથી તેઓ પોતાના લખાણ અને યોગ દ્વારા યુવાનોને વાંચન અને સ્વાસ્થ્ય અંગે સજાગ રહેવાનો સંદેશો પાઠવે છે.

ઉમરેઠ બાજખેડાવાળ જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટ ઉમરેઠ પાયલ દવેની ઉપલબ્ધીને બિરદાવે છે અને સમગ્ર પરિવારને અભિનંદન સહ શુભકામના પાઠવે છે. તેમના પરિવાર થકી પત્રિકાને રૂ. ૧૫૧/– ભેટ મળેલ છે.

## અવસાન નોંધ

- ઉમરેઠના વતની હાલ–અમદાવાદ નિવાસી હર્ષદરાય ઉમિયાશંકર પંડયાનું તા. ૬–૫–૨૧ના રોજ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના તેમના પરિવાર તરફથી પત્રિકાને રૂ. ૫૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- સ્વ. મીનીક્ષાબેન સુરેશભાઈ દેસાઈની સ્મૃતિમાં જયેશભાઈ એસ. દેસાઈ તરફથી પત્રિકાને રૂ. ૧૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.

## તંત્રી લેખ...

### શ્રીમદ ભગવદ ગીતા : અષ્ટાદશ અધ્યાય-મોક્ષ સંન્યાસ યોગ ભાગ-૩

સુખ પણ ત્રણ પ્રકારનાં છે, સાત્વિક, રાજસ અને તામસ.

જે સુખમાં સાધક માણસ ભજન, ધ્યાન અને સેવા આદિના અભ્યાસ વડે રમણ કરે છે અને દુ:ખોના અંતને પામે છે એ સુખ શરૂઆતમાં જો કે વિષ જેવું જણાય છે, પણ પરિણામેએ અમૃત જેવું છે માટે એ પરમાત્મવિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઉપજનારું સુખ સાત્વિક કહેવાયું છે.

જેમ રમતમાં ચોંટેલા ચિત્તના બાળકને વિદ્યાનો અભ્યાસ, એનું મહત્વ ન સમજાવાને લીધે શરૂઆતમાં ઝેર જેવો ભાસે છે, એ જ રીતે વિષયોમાં આસક્ત માણસોને ભગવદ ભજન, ધ્યાન, સેવા આદિ સાધનોનો અભ્યાસ, મર્મ ન સમજાવાને કારણે શરૂઆતમાં વિષ જેવો જણાય છે.

જે સુખ વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી થાય છે એ શરૂઆતમાં – ભોગકાળે અમૃત જેવું જણાતું હોવા છતાં પરિણામે વિષ જેવું છે; માટે એ સુખ રાજસ કહેવાયું છે. બળ, બુદ્ધિ, વીર્ય, ધન, ઉત્સાહ તેમજ પરલોકનો નાશ કરનારું હોવાને લીધે વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી થનારા સુખને પરિણામે 'વિષ જેવું' કહ્યું છે.

જે સુખ ભોગકાળે તેમજ પરિણામે પણ આત્માને મોહિત કરનારું છે, એ નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી જન્મેલું સુખ તામસ કહેવાયું છે.

પૃથ્વી પર, આકાશમાં કે દેવતાઓમાં અથવા એ સિવાય ક્યાંય પણ એવો કોઈ પણ જીવ નથી. જે આ પ્રકૃતિમાંથી જન્મેલા ત્રણેય ગુણોથી મુક્ત હોય, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો તથા શુદ્રોનાં કર્મો સ્વભાવમાંથી ઉપજેલા ગુણો દ્વારા વિભક્ત કરવામાં આવ્યા છે.

અંત:કરણનો નિગ્રહ કરવો, ઈન્દ્રિયોનું દમન કરવું, ધર્મના પાલન કાજે કષ્ટ સહેવુ, બાહ્ય-ભીતરથી શુદ્ધ રહેવું. બીજાનાં અપરાધોને ક્ષમા આપવી. મન, ઈન્દ્રિય તેમજ શરીરને ઋજુ સ્વભાવનાં રાખવાં, વેદો, શાસ્ત્રો, ઈશ્વર અને પરલોક આદિમાં શ્રદ્ધા રાખવી, વેદ-શાસ્ત્રોનું અધ્યયન તથા અધ્યાપન કરવું અને પરમાત્મા ના તત્વને અનુભવવું, આ બધાંય સ્વાભાવિક કર્મો છે.

શૂરવીરપણું, તેજ, ધૈર્ય, નિપુણતા તથા યુદ્ધમાં પણ ન ભાગવું, દાન આપવું અને સ્વામીત્વભાવ એટલે કે નિ:સ્વાર્થભાવે સૌનું હિટ વિચારીને શાસ્ત્રની આજ્ઞા અનુસાર શાસન દ્વારા પ્રેમાળભાવે પુત્રની જેમ પ્રજાનું પાલન કરવું આ બધાં ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મો છે.

ખેતી, ગોપાલન અને ખરીદવા – વેચવારૂપી સત્ય વ્યવહાર જેવા કે વસ્તુઓના ખરીદતી કે વેચતી વખતે તોલ, માપ કે ગણતરી કરતાં ઓછું આપવું અથવા વધારે લેવું તેમ જ વસ્તુને બદલીને કે એક વસ્તુમાં બીજી (ખરાબ) વસ્તુ ભેળવીને આપી દેવી અથવા (સારી) લઈ લેવી તથા નફો આડત અને દલાલી નક્કી કરીને એના કરતાં વધુ કિંમત લેવી કે ઓછી આપવી તથા જૂઠ, કપટ, ચોરી અને બળજબરીથી કે બીજા કોઈ પ્રકારે બીજાનો હક છીનવી લેવો ઈત્યાદિ દોષો વિનાનો સત્યતાપૂર્વક પવિત્ર વસ્તુઓનો વેપાર આ વૈશ્યનાં સ્વાભાવિક કર્મો છે સર્વે વર્ણોની સેવા કરવી એ શુદ્રનું સ્વાભાવિક કર્મ છે.

પોતપોતાના સ્વાભાવિક કર્મમાં તત્પરતાપૂર્વક જોડાયેલો માણસ ભગવદ પ્રાપ્તિરૂપી પરમ સિદ્ધિને પામી જાય છે. જે પરમેશ્વરથી સઘળા પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ આખુંયે જગત વ્યાપેલું છે એ પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને પરમેશ્વરનું ચિંતન કરતાં કરતાં પરમેશ્વરની આજ્ઞા અનુસાર, મન વાણી અને શરીરથી પરમેશ્વરને માટે સ્વાભાવિક કર્તવ્ય કર્મનું આચરણ કરવું એ જ કર્મ દ્વારા પરમેશ્વરનું પૂજન છે અને એનાથી જ માણસ પરમ સિદ્ધિને પામી જાય છે.

સારી રીતે આચરવામાં આવેલા બીજાના ધર્મ કરતાં ગુણ વિનાનો છતાં પણ પોતાનો ધર્મ ચઢિયાતો છે કેમ કે સ્વભાવથી નિયત થયેલું સ્વધર્મરૂપી કર્મ કરતો માણસ કદી પાપને પામતો નથી. દોષયુક્ત હોવા છતાં પણ સહજ કર્મને કદી ના છોડવું જોઈએ કેમ કે ધુમાડાથી અગ્નિની પેઠે સઘળાં કર્મો કોઈને કોઈ દોષથી યુક્ત છે. પ્રકૃતિ અનુસાર શાસ્ત્રવિધિથી નિયત કરવામાં આવેલાં જે વર્ણાશ્રમના ધર્મ અને સામાન્ય ધર્મરૂપ સ્વાભાવિક કર્મ છે, એમને જ સ્વધર્મ, સહજકર્મ, સ્વકર્મ, નિતયકર્મ, સ્વભાવકર્મ, સ્વભાવનિયતકર્મ ઇત્યાદિ નામોથી ઓળખવામાં આવે છે.

ખુશખબર અભોર સ્થિત રસોડા વૈદ્ય દર મહિનાના બીજા શનિવારે ૧૧.૦૦ થી ૨.૦૦ શ્રી પ્રાણશંકરભાઈ હોલ, કાંકરિયા ખાતે સેવા આપશે. વધુ માહિતી સપ્ટેમ્બર–૨૧ના અંકમાં પા.નં. ૨૪ જોઈ લેવી.

– અસ્તુ

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

(મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી બાજખેડાવાળ સમાજના હિતોમાં વધારો કરવાના ઈરાદે વડતાલ મુકામે આપણા વડવાઓએ ભેગા થઈ અને શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની સ્થાપના કરવામાં આવેલ. જેના દ્વારા ગામે ગામના મંડળોના સમાચાર એકબીજા મળી રહે તે હેતુથી બાજખેડાવાળ પત્રિકા શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ આ પત્રિકાના માધ્યમથી સમાજના લગ્નવાચ્છુક યુવક–યુવતીઓના બાયોડેટા આપવામાં આવે છે. જેથી સમાજમાં લગ્નોને પ્રોત્સાહન મળી રહે. આ પત્રિકા દર માસે પ્રસિદ્ધ કરવામાં આળે છે. જેના ૨૭૦૦થી વધુ જ્ઞાતિજનોના ઘરે ભારતભરમાં પહોંચાડવામાં આવે છે. આ પત્રિકાએ એ સમાજનું સૌથી જૂનું મીડીયા છે. સમયની સાથે કદમ મીલાવી અને વેબસાઈટના માધ્યમથી આ પત્રિકાની પી.ડી.એફ. પણ ઉપલબદ્ધ કરાવવામાં આવેલ છે.

લગ્નવાચ્છુંક યુવક–યુવતીઓને મન ગમતો પાત્ર આ માધ્યમથી મળ્યાના અનેક ઉદાહરણો છે. જેથી પુન: જ્ઞાતિજનોને અપીલ છે કે આ પત્રીકામાં લગ્ન ઈચ્છુક યુવક યુવતીઓના બાયોડેટા આપી અને સમાજના વધુ ને વધુ સભ્યો સુધી તે પહોચાડવાનો લાભ લેશો.

આપણી પત્રિકામાં "સમાજ ગૌરવ"માં આપના કે આપના પરિવારના સભ્યની સિદ્ધિ ભેટ સહીત છાપવામાં આવે.

| ફાલ્ગુન ઠાકર | સમીર દવે | ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
|---|---|---|
| ખજાનચી | મંત્રી | પ્રમુખ |

**કારોબારી સદસ્યો, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**

૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

(મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

विद्यां ददाति विनयं विनयाद् याति पात्रताम् ।
पात्रत्वात् धनमाप्नोति धनात् धर्म ततः सुखम् ॥
भावार्थः - ज्ञान विनय देता है; विनय से पात्रता, पात्रता से धन, धन से धर्म और धर्म से सुख की प्राप्ति होती है ।

આજ ઉદ્દેશ્યોની સાથે સાથે સને ૧૯૪૩માં માત્ર બાજખેડાવાળ સમાજના વિદ્યાર્થીઓના અભ્યાસમાં આર્થિક રીતે મદદરૂપ થવાના ઈરાદે સહકારી ધોરણે મર્યાદીત સંસાધનોની સાથે એક સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી જે મંડળી આજે ૭૯ વર્ષ થયેલ છે. સતત આ મંડળી દ્વારા બાજખેડાવાળ સમાજના વિદ્યાર્થીઓને નીતી નીયમ સાથે સહાય કરવામાં આવે છે. પહેલાના સમયમાં વિદેશ જવા માટે સહકારી ધોરણે લોન આપવામાં આવતી હતી. મંડળીની રકમ પરત નહીં જમા કરાવનાર સભાસદોને નમ્ર વિનંતી છે કે, આ રકમ સમાજના વિદ્યાર્થીઓના હીતને ધ્યાને લઈ અને તાકીદે પરત જમા કરાવવા વિનમ્ર નિવેદન છે. પરંતુ કેટલાક સભાસદો દ્વારા આ લોન પરત ન કરવા ના કારણે ના છૂટકે આ લોન આપવાનું બંધ કરવી પડેલ છે. આવા સંજોગોમાં ધો. ૧૦, ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના રીઝલ્ટની ઝેરોક્ષ અને વાલી કે પોતાના શેરની નકલ રીઝલ્ટ આવ્યાના ૩૦ દિનમાં સંસ્થાના ઉપરોક્ત સરનામે તમામ માહીતી સાથે મોકલી આપવી. આ સહાય સભાસદ બન્યાના ત્રણ એકાઉન્ટીંગ વર્ષ બાદ આપવામાં આવે છે.

આવેલ સભાસદોની અરજીને ધ્યાનમાં રાખી રૂા. ૧૫૦૦/–થી ઓછી નહી અને રૂ. ૨૫૦૦/– સુધીની રકમનો ચેક મોકલી આપવામાં આવે છે. આ સહાય જુલાઈ માસની ૧૫મી તારીખ બાદ આપવામાં આવી.

અન્નદાનં પરં દાનં વિદ્યાદાનમતઃ પરમ ।
અન્નેન ક્ષણિકા તૃપ્તિઃ યાવજ્જીવં ચ વિદ્યયા ॥

અર્થાત – અન્ન દાન શ્રેષ્ઠ દાન છે અને વિદ્યા દાન પણ શ્રેષ્ઠ દાન છે. પરંતુ અન્ન દાન કરવાથી ક્ષણીક તૃપ્તિ થાય છે. જ્યારે વિદ્યા દાન કરવાથી (આજીવીકા મળવાના કારણે) આજીવન તૃપ્તિ થાય છે.

આવો આવું શ્રેષ્ઠ દાન કરી અને આપણા જ જ્ઞાતિજનને અભ્યાસમાં મદદરૂપ બની અને તેને પગભર કરી અને આ જીવન તૃપ્તિ આપીએ. આપને વિદીત થાય કે, આપના દ્વારા દાનમાં આપવામાં આવેલ સંપૂર્ણ રકમ સમાજના વિદ્યાર્થીઓના જ અભ્યાસ માટે વાપરવામાં આવે છે. આજની મોંઘવારીમાં રૂ. ૨૫૦૧/– આપના કે પરીવારજનના નામે 'વિદ્યા દાન' કરી અને સમાજ પ્રત્યેનું દાયીત્વ નીભાવીએ.

નોંધ : રૂ. ૫૦૧/–થી વધુ દાતાના નામની નોંધ બાજખેડાવાળ પત્રિકામાં છાપવામાં આવશે. જય મહાદેવ

| | | |
|---|---|---|
| **ફાલ્ગુન ઠાકર** | **સમીર દવે** | **પ્રણવ જોષી** |
| **ખજાનચી** | **મંત્રી** | **પ્રમુખ** |

**કારોબારી સદસ્યો, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧,૦૦,૦૦૦/-ના દાતા

સુજ્ઞ જ્ઞાતિજનો જય મહાદેવ

દુબઈ સ્થિત દિવ્યાગંભાઈ અરવિંદભાઈ દવે અને ફાલ્ગુનીબેન દવેના છેલ્લા ઘણા વર્ષથી તા. ૧, જાન્યુઆરીના રોજ તેમના માતૃશ્રી સ્વ. ઈન્દીરાબેન અરવિંદભાઈ દવે તેમજ કૈલાશબેન પ્રવીણભાઈ દેસાઈ (ફાલ્ગુનીબહેનના માતૃશ્રી) ના સ્મરણાર્થે રૂપિયા રૂ. ૧,૦૦,૦૦૦/-નું ડોનેશન શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને ૨૦૦૪થી આપતા આવ્યા છે.

ચાલુ સાલે પણ Covid ની Pendamic પરિસ્થિતિમાં સમાજની સાથે રહેવાનું અને સમાજની વ્યક્તિનું દુ:ખ તેમના પરિશ્રમ સાથે પ્રોત્સાહન અને પુરસ્કાર રૂપે વિશિષ્ટ સહાય ફંડ વૃદ્ધિના યજ્ઞમાં કર્તવ્યપાલન કરી પોતાના સ્વજનને યાદ કરી સત્કર્મ કરી આજે તેમના તરફથી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને ખૂબ મોટી માતબર રકમનું દાન પ્રાપ્ત થયેલ છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઈતિહાસમાં એક જ વ્યક્તિ દ્વારા સૌથી મોટી રકમનું ફંડ જે ઉપર બતાવેલ છે તે આ કુટુંબ તરફથી મળેલ છે, સશક્ત સમાજ બનાવવા સમાજને આર્થિક રીતે સદ્ધર કરવાની ભાવના, સમર્પણ અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ સાથે પ્રેરક બળ પુરૂ પડેલ છે તેમજ દર વર્ષે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા હોદ્દેદારોને આ કુટુંબને ફોન કરવો પડ્યો નથી કે યાદ કરાવવું પડ્યું નથી. દર વર્ષે ડિસેમ્બર મહિનાની ૩૧ અથવા જાન્યુઆરીના પહેલા વીકમાં શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા એકાઉન્ટમાં રૂ. ૧,૦૦,૦૦૦/- ટાન્સફર થઈ જાય છે.

આ વર્ષ પણ આજ રોજ તા. ૨૮-૧૨-૨૦૨૧ના શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના એકાઉન્ટમાં રૂ. ૧,૦૦,૦૦૦/- જમા થઈ ગયેલ છે.

ફરીથી એક વખત શ્રી દિવ્યાંગભાઈ અને ફાલ્ગુનીબહેન આપનો શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ આભાર માને છે અને આપની ઉત્તરો ઉત્તર પ્રગતિ થાય તેવી સહૃદય અંત:કરણ પૂર્વક શુભકામના.

અમો રૂપલબેન શેલત અને હેમંત બી. શેલત, ગાંધીનગર અને ભૂતપૂર્વ કારોબારી સભ્યશ્રી કિરીટભાઈ શેલત અમદાવાદના પણ આભારી છીએ.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રી, પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ તમામ કારોબારી સભ્યશ્રીઓ આપના સંવેદનશીલ હૃદય, નિસ્વાર્થભાવે સમાજને મદદરૂપ થઈ માનવકલ્યાણના ભાવ અને માતૃભાવને હૃદયની વિશાળતા બિરદાવીએ છીએ અને આપના પરિવારની આભાર માને છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૧,૦૦૦/-ના દાતા



**સ્વ. મનહરલાલ મગનલાલ શુકલ**

જન્મ. : ૨૧.૦૪.૧૯૪૫ — સ્વ. : ૨૩.૦૬.૧૯૯૮

આપના ચરણોમાં શ્રદ્ધાંજલિ સહ વંદન

ગં. સ્વ. સરલાબેન મનહરલાલ શુકલ

મૌલેશ મનહરલાલ શુકલ — હેતલકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ

અ.સૌ. હેતલ મૌલેશ શુકલ — અ.સૌ. વૈશાલી હેતલકુમાર ભટ્ટ

કુ. દેવાંશી, કુ. દ્રષ્ટિ, ચિ. શ્રેય

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ ના દાતા રૂ. ૩૧૦૨/-





**સ્વ. રતિલાલ સોમેશ્વર પંડ્યા**
જ.તા. ૨૩-૦૨-૧૯૨૭
સ્વ.તા. ૨૭-૦૩-૨૦૦૬

**સ્વ. હસુમતિબેન રતિલાલ પંડ્યા**
જ.તા. ૧૮-૧૦-૧૯૨૭
જ.તા. ૧૬-૦૨-૨૦૦૨

આપના પરિવારજનો તરફથી

૧૭મી પુણ્યતિથીએ

શ્રદ્ધાંજલિ સહ

૨૧મી પુણ્યતિથીએ

શ્રદ્ધાંજલિ સહ

**કિરણ રતિલાલ પંડ્યા - ગાંધીનગર**
**સુરેશ રતિલાલ પંડ્યા - વડોદરા**
**અ.સૌ. ભાવના યોગેન્દ્ર ભટ્ટ-સુરત**

**અ.સૌ. મિતા કિરણ પંડ્યા**
**અ.સૌ. યોગીની સુરેશ પંડ્યા**
**શ્રી યોગેન્દ્ર એસ. ભટ્ટ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ ના દાતા રૂ. ૧૫૫૧/-



**સ્વ. વિદ્યાબેન શશીકાન્તભાઈ પંડ્યા (સુરત)**

જન્મ. તા. : ૧૦.૦૪.૧૯૩૩ — સ્વ. : ૧૯-૦૩-૨૦૧૯

આપના પરિવારજનો તરફથી

ચતુર્થ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

| | |
|---|---|
| શ્રી શશીકાન્ત જેશંકર પંડ્યા - સુરત | - |
| અ.સૌ. મિતા કિરણકુમાર પંડ્યા-અમદાવાદ | કિરણકુમાર આર. પંડ્યા |
| અ.સૌ. ક્રિષ્ના વિષ્ણુભાઈ ઠાકર-વડોદરા | વિષ્ણુભાઈ એસ.ઠાકર |
| અ.સૌ. રશ્મિ હિતેશભાઈ શેલત-વડોદરા | હિતેશભાઈ એસ. શેલત |
| ચિ. પ્રશાંત શશીકાન્ત પંડ્યા-સુરત | અ.સૌ. હેતલ પ્રશાંત પંડ્યા |

# શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા ચાલુ વર્ષે દાતાઓના દાનથી નોટબુક પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવેલ છે. સાથે સાથે સ્વ. સી. કે. ભટ્ટ સાહેબના સ્મરણાર્થે ડૉ. વનલતાબેન ભટ્ટ તરફથી સ્કુલબેગ વિતરણ માટે રૂ. ૩૦,૦૦૦/-નું દાન મળેલ છે.

ફૂલસ્કેપ ચોપડા વિતરણ અંગેની માહિતી

(૧) જૂન મહીનાની તા. ૫મી રવિવારના રોજ સવારના ૯.૦૦ થી ૧.૦૦ વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે (૨) ધોરણ-૫થી કોલેજ સુધીના બાળકોને આ લાભ આપવામાં આવશે. (૩) પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ૨ ડઝન ચોપડા, ૧ પેનનું બોક્સ તથા સ્કુલ બેગ આપવામાં આવશે. જે પેટે રૂા. ૨૦૦/- ચુકવવાના રહેશે. (આ સમગ્ર વસ્તુ અંદાજિત રૂ. ૯૦૦/- બજાર કિંમત છે. (૪) વિદ્યાર્થીએ સાથે ૨૦૨૨ના રિઝલ્ટની માર્કશીટ ઝેરોક્ષ, નોટબુક વિતરણનું જે તમોને આપેલ તે તથા નવું આઈકાર્ડ સાથે લાવવાનું રહેશે. (૫) નિયત સમયે સમયસર આવી ચોપડા લઈ જવા.

નોંધ - શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા દર વર્ષે નોટબુક ચોપડા પ્રસિદ્ધ કરવામાં આવતા હતા. છેલ્લાં બે વર્ષથી આ વિતરણ સંસ્થા દ્વારા થતું ન હોવાથી બાજખેડાવાળ મંડળ-આણંદ દ્વારા જ્ઞાતિજનો પાસેથી દાન લઈ આ પ્રોજેક્ટ પુરો કરવામાં આવે છે. સૌ દાતાશ્રીઓ આભાર આપશ્રીના દ્વારા ભવિષ્યમાં આ ભગીરથ કામમાં આવતી સાલ મદદરૂપ થવાની ઈચ્છા હોય તો ડિસેમ્બર માસમાં સંસ્થાના હોદ્દેદારોનો સંપર્ક કરી શકો છો.

બાજખેડાવાળ મંડળ, આણંદ, સને ૨૦૨૨-૨૦૨૩ નોટબુક પ્રોજેક્ટ ખાતે

(૧) મુકેશકુમાર કાંતિલાલ દવે રૂ. ૧૯૫૦/- (૨) હર્ષાબેન મુકેશકુમાર દવે રૂ. ૧૯૫૦/- (૩) નેહા મુકેશકુમાર દવે રૂ. ૧૧૦૦/- (૪) કિરીટકુમાર એમ. દવે રૂ. ૧૯૫૦/- (૫) કલ્પનાબેન કિરીટકુમાર દવે રૂ. ૧૯૫૦/- (૬) રૂચીર કિરીટકુમાર દવે રૂ. ૧૯૫૦/- (૭) રિદ્ધી રૂચીર દવે રૂ. ૧૯૫૦/- (૮) ધન્વી રૂચીર દવે રૂ. ૧૯૫૦/- (૯) સ્વ. મંગુપ્રસાદ ડી. દવે રૂ. ૧૯૫૦/- (૧૦) સ્વ. ઉર્મિલાબેન એમ. દવે રૂ. ૧૯૫૦/- (૧૧) કિરીટકુમાર પી. દવે રૂ. ૫૦૦૦/- (૧૨) માયાબેન કિરીટકુમાર દવે રૂ. ૫૦૦૦/- (૧૩) આણંદના સ્વ. સત્યનારાયણ ઉમિયાશંકર પંડ્યા તથા સ્વ. રૂક્ષ્મણીબેન સત્યનારાયણ પંડ્યાના સ્મરણાર્થે તેઓશ્રીના કુટુંબીજનો તરફથી રૂ. ૨૧૦૦૦/- મળેલ છે. (૧૪) આશિષ તિલકચંદ્ર ભટ્ટ રૂ. ૧૦,૦૦૦/- (૧૫) સમીરભાઈ સુભાષચંદ્ર દવે રૂ. ૫૦૦૦/- (૧૬) અનંતભાઈ અશ્વિનભાઈ પંડ્યા રૂ. ૫૦૦૦/- (૧૭) રાજેશ પિનાકીનપ્રસાદ દવે રૂ. ૫૦૦૦/- (૧૮) મહેશભાઈ ચીમનલાલ દવે રૂ. ૫૦૦૦/- (૧૯) પિયુષભાઈ છોટાલાલ દવે રૂ. ૫૦૦૦/- (૨૦) કેતનબેન નિલેષભાઈ દવે રૂ. ૫૦૦૦/- (૨૧) રચિત ભરતકુમાર પંડ્યા રૂ. ૫૦૦૦/- (૨૨) હિતેષભાઈ મહેન્દ્રકુમાર દેસાઈ રૂ. ૧૦,૦૦૦/-

સને ૨૦૨૨-૨૩ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે સ્કુલબેગ વિતરણ સ્વ. સી. કે. ભટ્ટ સાહેબના સ્મરણાર્થે, બાજખેડાવાળ મંડળ આણંદને, વિદ્યાર્થીઓને વહેચવા માટે સ્કુલબેગ માટે

રૂ. ૩૦,૦૦૦/–નું દાન મળેલ છે.

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુન ઠાકર**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજના સ્મશાનમાં સ્વ. સૂર્યકાન્ત પરસોત્તમભાઈ દવેના સ્મરણાર્થે હસ્તે ચંદ્રકાન્તભાઈ પી. દવે તરફથી રૂ. ૧૫૦૦૦/– સ્મશાન ખાતે દાન મળેલ છે.

તથા સ્વ. ઉષાબેન શંભુપ્રસાદ વ્યાસ તરફથી એક બેસવાનો બાંકડો મળેલ છે અને સ્વ. શોભાબેન નવીનભાઈ જોષી ઉર્ફે કેશવલાલ તરફથી બેસવાનો બાંકડો દાનમાં મળેલ છે.

સોજીત્રા બાજખેડાવાળ  જ્ઞાતિ સમાજ અને બાજખેડાવાળ કમિટી ખૂબ ખૂબ આભાર માને છે.

| પ્રમુખશ્રી | મંત્રીશ્રી | ખજાનચી |
|---|---|---|
| ડોળીયા બળવંતકુમાર બી. | ઠાકર સંદિપભાઈ | દવે હરિશભાઈ |

## શ્રી બાજખેડાવાળ સાંસ્કૃતિક મંડળ–વલ્લભ વિદ્યાનગર

શ્રી બાજખેડાવાળ સાંસ્કૃતિક મંડળ મહિલા પાંખ (વી.વી.નગર) તરફથી વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આપણી જ્ઞાતિની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવામાં સંપૂર્ણ યોગદાન આખુ હતું. સર્વનો ખૂબ–ખૂબ આભાર.

વાનગીનો વિષય (૧) વિવિધ પ્રકારના પુલાવ, ફ્રાઈડ રાઈસ, બિરયાની (૨) વિવિધ પ્રકારનું રાયતું

સ્પર્ધાની તારીખ ૨૬–૧–૨૦૨૨ બુધવાર સમય ૩.૦૦ થી ૫.૦૦

સ્થળ – ગીતાબેન ઉપેન્દ્રભાઈ દવેનું ઘર

વાનગી સ્પર્ધામાં વિજેતા થયેલા સ્પર્ધકોના નામ નીચે મુજબ છે.

વાનગી – પુલાવ (૧) તિલોત્તમા દવે (૨)  સારિકા દવે (૩) અમી ભટ્ટ (૪) બિન્દ્રા દવે

વાનગી–રાયતુ (૧) શિલ્પા દવે (૨) તીલોત્તમા દવે (૩) હેમાલી કોટડીયા

આ સાથે આ કાર્યક્રમના જજ (૧) શ્રી ઉપેન્દ્રભાઈ દવે (૨) અર્પિતાબેન જોષીના ખૂબ આભારી છીએ. જેમણે તેમનો નિર્ણય આપ્યા.

આ સાથે શ્રીમતી ગીતાબેન ઉપેન્દ્રભાઈ દવે કે જેમણે ખૂબ જ સાથ–સહકાર આપ્યો. તેમને ત્યાં જ ગાર્ડનમાં પ્રોગ્રામની સંપૂર્ણ વ્યવસ્થા કરી સાથે ચા–પાણીનું સૌજન્યા દાખવ્યું મંડળ તેમનું ખૂબ આભારી છે. સર્વે કારોબારી સભ્યોના સહકારથી કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે યોજ્યો.

**નેહા જોષી** — **સંપતિ મહેતા**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

# ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ તરફથી તા. ૨૬-૧-૨૦૨૨ના રોજ ૭૫ વર્ષ ઉપરનાં વડીલોના સન્માનના કાર્યક્રમનું આયોજન કરેલ હતું. પરંતુ કોરોના-એમીક્રોન વાયરસ વધતા વડીલોને એકત્રિત કરવા નહીં અને તેઓનું સન્માન ઘરે ઘરે જઈને કરવું તે મુજબ બધા વડીલોને ઘરે ઘરે જઈને સાલ ઓઢાડી, મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખથી લઈ કારોબારી સભ્યશ્રીઓ વડીલોનું સન્માન કરવા વડીલોના ઘરે પહોંચ્યા હતાં અને આ રીતે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ તરફથી ધો.૧ થી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમના બેંક ખાતામાં એન.ઈ.એફ.ટી. દ્વારા ફી પહોંચાડવામાં આવી ગયેલ છે. તો દરેક વિદ્યાર્થીઓએ પોતાના બેંક એકાઉન્ટમાં તપાસ કરી પાસબુક ભરાવી લેવી તેમજ જે વિદ્યાર્થીનાં ખાતામાં જમા ન થયા હોય તો વહેલી તકે ૧૫ માર્ચ પહેલા સંસ્થાની ઓફિસે જાણ કરવી આવશ્યક છે.

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ફાઉન્ડેશન ટ્રસ્ટ ફંડ દ્વારા ગામેગામના વિદ્યાર્થીઓને જે શિક્ષણ અંગે ફી સહાય આપવામાં આવે છે. તેમાં કુલ ૬૮ વિદ્યાર્થીઓને ફી સહાય આપવામાં આવેલ છે. જેમાં આણંદ, કણજરી, સોજીત્રા, વસો, વડોદરા, ભરૂચ, સુરત, ઉમરેઠ, નડીયાદ, અમદાવાદ જેવા ગામો શહેરોના વિદ્યાર્થીઓને કુલ રૂ. આશરે ૩,૭૫,૦૦૦/- જેટલી સહાય આપવામાં આવી છે. આ રકમ ફેબ્રુઆરીની ૨૮-૨-૨૨ સુધીમાં એન.ઈ.એફ.ટી. મારફત જમા કરવામાં આવી છે.

શ્રીમતી કમળાબેન જમિયતરામ પંડ્યા અને શ્રી જમિયતરામ દયાશંકર પંડ્યા શૈક્ષણિક ટ્રસ્ટ ફંડમાંથી પણ અમદાવાદમાં વસતી અને જેઓની વાર્ષિક આવક બે લાખથી ઓછી છે તેવા ટેકનીકલ કે વ્યવસાયિક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સહાય આપવામાં આવી રહેલ છે. આ ટ્રસ્ટ ફંડમાંથી કુલ ૩૪ વિદ્યાર્થીઓને રૂ. ૪,૫૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવી છે. જે એન.ઈ.એફ.ટી. દ્વારા તેઓના બેંક ખાતામાં સીધા જમા કરવામાં આવે છે.

**અન્નપૂર્ણા સહાય**

(૧) રૂ. ૫૦,૦૦૦/- સ્વ. ચારુમતીબેન નિરંજનભાઈ દવે તથા સ્વ. નિરંજનભાઈ દવે તથા સ્વ. જનક નિરંજનભાઈ દવેના સ્મરણાર્થે હસ્તે શ્રી હેમાંગીની જનકકુમાર દવે તરફથી (૨) રૂ. ૩૩૪૭૮/- શ્રી વાસુભાઈ એમ. ભટ્ટ (૪૫૦ ડોલર) (૩) રૂ. ૨૦૦૦/- સ્વ. મયંક પ્રાણશંકર શેલતના સ્મરણાર્થે હસ્તે શ્રી જયંતભાઈ ટી. દવે (૪) રૂ. ૫૦૦૦/- શ્રી સુરેન્દ્રકુમાર ઈન્દુરાય ઠાકર તરફથી (૫) રૂ. ૫૦૧/- ચિ. યશ અને ચિ. હિનલના લગ્નપ્રસંગે શ્રી ઈન્દ્રવદન ગોકળદાસ જોષી તરફથી

**વિધવા-ત્યક્તા-વિધુર સહાય યોજના**

(૧) રૂ. ૫૦,૦૦૦/- સ્વ. ચારુમતીબેન નિરંજનભાઈ દવે તથા સ્વ. નિરંજનભાઈ દવે

તથા સ્વ. જનક નિરંજનભાઈ દવેના સ્મરણાર્થે હસ્તે શ્રી હેમાંગીની જનકકુમાર દવે તરફથી (૨) રૂ. ૫૦૦/- સ્વ. હરિવદનભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે હસ્તે શ્રી મૃદુલાબેન હરીવદનભાઈ ત્રિવેદી તરફથી (૩) રૂ. ૨૧૦૦/- શ્રી ઈન્દ્રવદન ગોકળદાસ જોષી તરફથી (૪) રૂ. ૨૫૦૦/- સ્વ. આશાબેન રમેશચંદ્ર ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેશચંદ્ર ટી. ભટ્ટ તરફથી

**એજ્યુકેશન સહાય યોજના**

(૧) રૂ. ૨૨૩૧૭/- શ્રી વાસુ એમ. ભટ્ટ તરફથી (૩૦૦ ડોલર) (૨) રૂ. ૧૧૧૧૧/- શ્રી ભૌમિક યોગેશચંદ્ર દવે તરફથી

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**તરલ રાકેશ એમ. ભટ્ટ/હેતલકુમાર બી. ભટ્ટ** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ - શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન - ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

**સેમીનાર**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા તા. ૨૦-૩-૨૦૨૨ રવિવારના રોજ પુનિત આશ્રમ ખાતે બપોરે ૧.૦૦ વાગ્યાથી નીચે મુજબના સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. (૧) માઈક્રોવેવના ઉપયોગ વડે બનતી વાનગી વિષે માર્ગદર્શન, માહિતી અને રીતનું કુમારી વૈભવીબેન ઠાકોર (ઈ-ટીવી રસોઈ શો-એન્કર) દ્વારા સેમીનાર લેવામાં આવશે. (૨) યોગા-શ્રી દિપ્તીબેન દવે દ્વારા કોરોના થઈ ગયેલા વ્યક્તિઓને તેમની હેલ્થ પહેલા જેવી સામાન્ય તથા વધુ સારી કઈ રીતે કરવી તેના યોગાના દરેક પ્રકાર પ્રેકટીકલી દર્શાવીને માર્ગદર્શન માહિતી આપીને સેમીનાર લેવામાં આવશે. (૩) સ્કીન અને કેર - શ્રી શોભાબેન દવે એચ.ડી. શ્રી અખંડાનંદ આયુર્વેદિક હોસ્પીટલ (MD Physicion Beauty and Cosmetic) દ્વારા સ્કીન અને હેરની કેવી રીતે કાળજી લેવી અને તેની ગુણવતા કેવી રીતે સારી કરવી તે વિષે સેમીનાર લેશે.

**સુવર્ણ જયંતી મહોત્સવ**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા સંસ્થા પચાસ વર્ષ પૂરા કરી એકાવનના વર્ષમાં મંગળ પ્રવેશ કરેલ છે. તે નિમિત્તે ઉજવણીના ભાગ રૂપે અમારી સંસ્થા દ્વારા (૧) ગરબા કોમ્પીટીશન (૨) ફેશન શો (૩) બાળકો માટે ફેન્સી ડ્રેસ હરિફાઈ આ દરેક પ્રોગ્રામમાં બાજખેડાવાળ જ્ઞાતિના દરેક વ્યક્તિ શહેરમાંથી ભાગ લેવાના છે અને લઈ શકશે હજી નામ નોંધવાનું ચાલુ છે. આ કાર્યક્રમ અમદાવાદ ખાતે શ્રી બળવંતરાય ઠાકોર હોલ, પુષ્પકુંજ, કાંકરીયા, મણીનગર ખાતે તા. ૧-૫-૨૦૨૨ના રવિવારના રોજ બપોરે ૧.૦૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે. સાંજે ૭.૦૦ વાગ્યે પૂર્ણ કર્યા બાદ ભોજન સમારંભ રાખેલ છે. આ કાર્યક્રમ માટે રૂ. ૫૦/- ભોજન પાસ રાખેલ છે. જેઓએ હાજરી આપવાની હોય તેઓ તા. ૫-૪-૨૦૨૨ના રોજની મંગલમ સ્ટોર્સ, પુષ્પકુંજ, કાંકરીયા મંત્રીશ્રી શ્રી બેલાબેન દેસાઈના નિવાસસ્થાનેથી

સાંજે ૫.૦૦ થી ૭.૦૦માં મેળવી શકાશે. સર્વે જ્ઞાતિજનોને આ કાર્યક્રમ હાજરી આપી સર્વે સ્પર્ધકોના ઉત્સાહમાં વધારો કરી પ્રોત્સાહન આપવા પધારવા અમારૂં હાર્દિક આમંત્રણ છે. તો અવશ્ય પધારશો. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કન્વીનર શ્રી તૃપ્તીબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧ ઉપર પોતાના નામ નોંધાવી શકે છે અન્ય સમગ્ર માહિતી માટે ભોપી ભટ્ટ (મો.) ૯૩૨૮૨૩૦૬૭૦ પર મેળવી શકો છો.

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત જ્ઞાતિના જરૂરીયાત મંદ ભાઈ-બહેનો (ઉમરેઠ-ડાકોર સ્થિત)ને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને જ્ઞાતિ સમાજના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન ફંડ મળતુ રહ્યું છે. આ વખતની યાદી આ મુજબ છે.

(૧) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૧૦,૦૦૦/- (૨) શ્રી સતીષભાઈ સોમેશ્વર ભટ્ટ (તલોદ-યુ.એસ.એ.) રૂ. ૫૦,૦૦૦/- (૩) શ્રી હીનાબેન ઉપેન્દ્રભાઈ ધ્રુવ રૂ. ૨૫૦૦/- (૪) શ્રી મયુરભાઈ અરવિંદભાઈ મહેતા (યુ.એસ.એ.) સ્વ. શ્રી જયશ્રીબેન અરવિંદભાઈ મહેતાના સ્મરણાર્થે રૂ. ૫૦,૦૦૦/- (૫) શ્રી સત્યેન્દ્રભાઈ ડી. શેલત (શૈક્ષણિક ફંડ) સ્વ. સુમતીબેન સત્યેન્દ્રપ્રસાદ શેલતના સ્મરણાર્થે રૂ. ૫૧૦૦૦/-

| | |
|---|---|
| **મંત્રીશ્રી** | **પ્રમુખ** |
| **બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ** | **કલ્પનાબેન ખંભોળજા** |

## બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો માટે ખાસ નોંધ

(૧) બાજખેડાવાળ પત્રિકા દર મહિનાની આખર તારીખે અમદાવાદથી પોસ્ટ થાય છે. (૨) કોઈ કારણસર પત્રિકા ન મળે તો એ પત્રિકા કદાચ આખા ગામ કે શહેરમાં વહેંચાઈ ન હોય એમ બને. (૩) આપને પત્રિકા નિયમિત ન મળતી હોય તો સ્થાનિક પોસ્ટમેન અથવા સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખીત ફરિયાદ કરવી. (૪) પત્રિકા ધારક ગુજરી જાય એટલે પત્રિકાનું સભ્યપદ આપોઆપ રદ થઈ જાય છે. તમારે નવેસરથી પત્રિકા મેળવવા માટે રૂ. ૧૦૦૦/- લવાજમ ભરવાનું રહેશે. (૫) પત્રિકાના સભ્ય કાયમી વિદેશ વસવાટ કરવા માટે ગયા હોય તેવા સંજોગોમાં પત્રિકા બીજાના સરનામે કે બીજાના નામે પત્રિકા મોકલવામાં આવશે નહીં. (૬) બાજખેડાવાળ પત્રિકાની કોઈપણ જાતની ફરીયાદ કે માહિતી માટે તંત્રીનો સંપર્ક સાધ્યા વગર સંસ્થાની ઓફિસે પત્રિકા ઉપર દર્શાવેલ ફોન નંબર ઉપર મેનેજર શ્રી ભાવેશ પંડ્યાનો સંપર્ક કરવો. જેથી ફરીયાદનું ત્વરીત નિરાકરણ થઈ જાય. (૭) નવા સભ્યોએ, પત્રિકાના સભ્યો એ પોતાની પાવતી મેળવી લેવી અને તેના પર તથા પત્રિકા પર જે સભ્ય નંબર લખેલ છે. તે નંબરથી પત્ર વ્યવહાર કરવો. સભ્ય નંબર જણાવવાથી કામ સરળ થશે. (૮) પત્રિકાના જન્માક્ષરની મેટરમાં તમારા દ્વારા મોકલાવવામાં આવેલી મેટરમાં જ ભૂલ હોય અથવા અક્ષર ઉકલતા ન હોય તેવા સંજોગોમાં ભૂલ થવાની સંભાવનાઓ થાય જેથી નિયત ફોર્મમાં સ્વચ્છ અક્ષરે મેટર મોકલવા આગ્રહ ભરી વિનંતી જેથી સુધારાને અવકાશ રહે નહીં. (૯) ગામે ગામના મંડળોના પ્રમુખ-મંત્રીઓને જણાવવાનું કે મેટર મોકલતી વખતે ખાસ ધ્યાન રાખવું કે ઓછામાં ઓછી મેટર મોકલવી. માહિતીનું હાર્દ જળવાય તેવી મેટર મોકલવી મંડળને જ્યાં જરૂર લાગે ત્યાં મેટર કટ કરવાની ફરજ ન પડે તે જોવાની આપણી નૈતીક ફરજ છે.

**- તંત્રી મંડળ**

# પથરી

- લીંબુંનાં રસમાં સિંધવ મીઠું મેળવીને ઉભા ઉભા પીવાથી પથરી ઓગળી જાય છે.
- ગાયના દૂધની છાશમાં સિંધવ મીઠું નાખીને ઉભા ઉભા રોજ ૨૧ દિવસ સુધી પીવાથી પથરી પેશાબ વાટે બહાર નીકળી જાય છે અને આરામ થાય છે.
- ગોખરૂનું ચૂર્ણ મધમાં ચાટવાથી પથરી ઓગળી જાય છે.
- ટંકણખારને બારીક વાટી તેનો ભૂકો ઠંડા પાણી સાથે ફાકવાથી પથરીનો ચૂરો થઈ પેશાબ વાટે નીકળી જાય છે.
- નાળિયેરના પાણીમાં લીંબુનો રસ મેળવી રોજ સવારે પીવાથી પથરી મટી જાય છે.
- કારેલાંનો રસ છાશ સાથે પીવાથી પથરી મટી જાય છે.
- મૂળાના પાનનો રસ કાઢી તેમાં સૂરોખાર નાંખી રોજ પીવાથી પથરી ઓગળી જાય છે.
- પાલખની ભાજીનો રસ પીવાથી પથરી ઓગળી જાય છે.
- જૂનો ગોળ અને હળદર છાશમાં મેળવીને પીવાથી પથરી ઓગળી જાય છે.
- કાળીદ્રાક્ષનો ઉકાળો પીવાથી પથરી ઓગળી જાય છે.
- કળથી ૫૦ ગ્રામ રાત્રે પલાળી રાખી સવારે મસળી, ગાળી એ પાણી રોજ સવારે પીવાથી પથરી મટે છે.
- કળથીનો સૂપ બનાવી તેમાં ચપટી સુરોખાર મેળવી પીવાથી પથરી ઓગળી જાય છે અને પથરીને લીધે થતી ભયંકર પીડા મટે છે.
- મૂળાના બી ચાર તોલા લઈ અર્ધો શેર પાણીમાં ઉકાળવા, અર્ધુ પાણી બાકી રહે ત્યારે ઉતારી તે પાણી પાવીથી પથરી ઓગળી જાય છે.
- ઘઉં અને ચણાને સાથે ઉકાળી તેના ઉકાળામાં ચપટી સુરોખાર નાંખી ઉકાળો પીવાથી પથરી ભાંગીને ભૂકો થઈ જાય છે.
- મહેંદીના પાનનો ઉકાળો પીવાથી પથરી મટી જાય છે.
- મકાઈના દાણા કાઢી લીધા પછી ખાલી ડોડાને બાળી તેની ભસ્મ બનાવી ચાળીને આ ભસ્મ ૧ ગ્રામ જેટલી સવાર-સાંજ પાણી સાથે લેવાથી પથરીનું દર્દ તથા પેશાબની અટકાયત મટે છે.

# બાળરોગો

- ખજૂરની એક પેશી ચોખાના ઓસામણ સાથે મેળવી ખૂબ વાટી તેમાં થોડું પાણી મેળવી નાના બાળકોને બે-ત્રણ વખત આપવાથી નબળા, કંતાઈ ગયેલાં બાળકો રૂષ્ટપુષ્ટ અને ભરાવદાર બને છે.
- એક ચમચી પાલખની ભાજીનો રસ મધમાં મેળવી રોજ પીવાથી સુકલકડી બાળકો શક્તિશાળી બને છે.
- પાકાં ટામેટાંનો તાજો રસ નાના બાળકોને દિવસમાં બે-ત્રણ વાર પાવાથી બાળકો નીરોગી અને બળવાન બને છે.
- બાળકોને તલ ખવડાવવાથી બાળકો રાત્રે ઉંઘમાં પેશાબ કરતાં હોય તો અટકે છે અને શરીર પુષ્ટ બને છે.

- તુલસીનાં પાનનો રસ પાંચ થી દસ ટીપાં પાણીમાં નાખીને રોજ પીવડાવવાથી બાળકના સ્નાયુઓ અને હાડકાં મજબૂત બને છે અને બાળક જલદી ચાલતા શીખે છે.
- કાંદો અને ગોળ રોજ ખવડાવવાથી બાળકની ઉંચાઈ વધે છે.
- ટમેટાનો એક ચમચી રસ, દૂધ પીવડાવતાં પહેલાં પાવાથી બાળકોને થતી દૂધની ઉલટી મટે છે.
- હળદર નાખી ગરમ કરેલા દૂધમાં સહેજ મીઠું અને ગોળ નાંખીને પાવાથી બાળકોની શરદી, કફ અને સસણી મટે છે.
- લસણની એક કે બે કળી દૂધમાં પકાવી ગાળી દૂધ પાવાથી બાળકોની કાળી ઉધરસ (હૂપિંગ કફ-હડખી ઉધરસ) મટે છે.
- ધાણા અને સાકરને ચોખાના ઓસામણમાં પાવાથી બાળકોને ઉદરસ અને શ્વાસ મટે છે.
- નાગરવેલ પાનને દિવેલ ચોપડી સહેજ ગરમ કરી નાના બાળકની છાતી પર મૂકી ગરમ કપડાથી હળવો શેક કરવાથી બાળકનો કફ છૂટો પડી જાય છે.
- લસણની કળીઓને કરડી, પોટલી બનાવી, બાળકના ગળામાં બાંધી રાખવાથી બાળકની કાળી ખાંસી (હૂપિંગ કફ- હડખી ઉધરસ) મટે છે.
- બાળકની છાતી કફથી ભરાઈ ગઈ હોય તો તુલસીનાં પાનનો રસ મધમાં મેળવી બે-ત્રણ વાર પાવાથી તથા તુલસીના રસને ગરમ કરી છાતી, નાક તથા કપાળે લગાડવાથી શરદી અને કફમાં ખૂબ રાહત મળે છે.
- છાશમાં વાવડિંગનું ચૂર્ણ પાવાથી નાનાં બાળકોને કરમ મટે છે.
- મધમાં કાળીજીરીનું ચૂર્ણ ચટાડવાથી બાળકોના કરમ મટે છે.
- એક ચમચી કાંદાનો રસ પીવાથી અનાજ ખાતાં બાળકોના કરમ મરી જાય છે અને ફરી થતાં નથી.
- બાળકોના પેટમાં કરમ થતાં હોય તો કાચા ગાજર ખાવાથી કરમ મટી જાય છે.
- ગ્લુકોઝ મેળવેલા પાણીમાં લીંબુ નીચોવી બબ્બે ચમચી દિવસમાં ચાર વખત પાવાથી બાળકના શરૂઆતના દાંત ખૂબ સરળતાથી આવે છે અને ઝાડા થતાં નથી.
- બાળકોના પેઢા પર નરમાશથી મધ અને સિંધવ મીઠું મેળવી ઘસવાથી બાળકને સહેલાઈથી દાંત આવે છે.
- દાંત આવે ત્યારે ઝાડા થતા હોય તો જાવંત્રીને તાવડી પર શેકી પાઉડર કરી મધ સાથે માતાના દૂધમાં આપવાથી ઝાડા મટે છે.
- દાંત આવે ત્યારે પાણી જેવા ઝાડા થતા હોય તો મકાઈના ડોડામાંથી દાણા કાઢી લીધા પછી મકાઈના ડોડાને બાળી તેની ભૂકી (એક કે બે વાલ જેટલી) પાણી કે છાશમાં પાવાથી ઝાડા બંધ થાય છે.
- દાંત આવે ત્યારે આંખ આવી હોય તો ફુલાવેલી ફડકડીને ગુલાબજળમાં મેળવી આંખમાં ટીપાં નાંખવાથી તથા ફટકડીના નવશેકા પાણીથી આંખ ધોવાથી આરામ થાય છે.
- બાળકોને ગાજરનો રસ પીવડાવવાથી દાંત નીકળવામાં સરળતા થાય છે અને દૂધ પણ સારી રીતે પચે છે.

